**અગ્રતા ક્રમ:– ૦૨** **તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫–૪–૧૪૮૯**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – ડૉ. પાયલબેન કુકરાણી (નરોડા)**

**"એફ.એસ.એલ.માં બ્રેઈન ઈલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ પદ્ધતિથી કેસો/નમુનાઓનું પૃથ્થકરણ બાબત "**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– ડૉ. પાયલબેન કુકરાણી, (નરોડા)**

**પૂરક પ્રશ્ન (૧)**

રાજ્યની FSLમાં બ્રેઈન ઈલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલ ટેસ્ટ શા માટે કરવામાં આવે છે.? કેવી રીતે કરવામાં આવે છે? આ ટેસ્ટથી ગુના ઉકેલવામાં કેવા પરીણામો મળે છે? તેની વિગતો જણાવવા વિનંતી છે.

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

જયારે તપાસ સંસ્થા પાસે ગુન્હાની તપાસના એક એવા ત્રિભેટે હોય કે જ્યાંથી તપાસની દિશા નક્કી ના થઈ શકતી હોય ત્યારે બી.ઈ.ઓ.એસ એટલે કે બ્રેઈન ઈલેક્ટ્રિકલ ઓસિલેશન સિગ્નેચર ટેસ્ટ કરવામાં આવતો હોય છે.

**ટેસ્ટની પદ્ધતિ:–**

- બી.ઈ.ઓ.એસ ટેસ્ટ કરવા માટે કોર્ટ ઓર્ડર જરૂરી છે. આ એક નોન – ઈન્વેસિવ ટેસ્ટ છે એટલે કે વ્યક્તિને કોઈ પણ પ્રકારના ડ્રગ ઈન્જેક્ટ કરવામાં આવતા નથી તેમજ તેના પર કોઇ પ્રકારની બળજબરી કે થર્ડ ડિગ્રી નો ઉપયોગ કરવામાં આવતો નથી.
- ફક્ત વ્યક્તિને ગુન્હા સંબંધિત ઘટના ક્રમ કે ઘટના વર્ણવતો ઓડિયો સંભળાવવામાં આવે છે.
- જેથી તેના મગજમાં સંગ્રહિત થયેલ ઘટના સંબંધીત અનુભવજ્ઞાન એટલે કે સ્મૃતિઓ રિકોલ થાય છે જેના તરંગો (વેવ) ઈ.ઈ.જી. (ઈલેક્ટ્રો એન્સીફેલો ગ્રામ) ટેક્નોલીજી થી કેપ્ચર કરવામાં આવે છે જેના એનાલીસીસના આધારે વ્યક્તિ ગુન્હા સાથે કેવી રીતે સંકળાયેલ છે તે સ્પષ્ટ કરી શકાય છે.

**અગત્યની બાબતો :-**

- ગુન્હાનો ઘટનાક્રમ જાણવા
- ગુન્હેગારનો રોલ – ગુન્હો આચારનાર, મદદગાર, સાક્ષી કે કાવતરામાં સામેલ છે કે કેમ? જાણવા માટે.
- ગુન્હામાં વપરાયેલ હથિયાર જાણવા તેમજ શોધવા માટે
- ગુન્હાના પુરાવાઓનો નાશ કરેલ છે કે કેમ? જો કરેલ હોય તો તેના અવશેષો શોધવા માટે.
- નિર્દોષતા પુરવાર કરવા માટે

**ઉદાહરણો:-**

૧. હરિયાણા રાજ્યના ઉકલાના પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૭માં નોધાયેલ માત્ર ૬ વર્ષની બાળકી સાથે થયેલ દુષ્કૃત્ય સંદર્ભે શકમંદ આરોપીને બી.ઇ.ઓ.એસ તપાસ કરેલ. જેમાં આરોપીએ બાળકીનું અપરહરણ કરી બળાત્કાર કરી ક્રૂરતા પૂર્વક ઈજાઓ કર્યાનું અને પોતાના લોહીવાળા કપડાં બાળી નાખી પુરાવાનો નાશ ક્ર્યા હોવાનું પ્રસ્થાપિત થયેલ.

આમ બી.ઈ.ઓ.એસ તપાસ માં બળાત્કાર જેવા કેસ કે જેમાં નજરે જોનાર કોઈ સાક્ષી સામાન્ય રીત હોતા નથી તેમા સમગ્ર ગુન્હો કેવી રીતે આચરવા માં આવ્યો તેનો ઘટનાક્રમ અને તેની ગંભીરતા છતી થઈ. જેની નામદાર કોર્ટ દ્વારા તેઓના જજમેન્ટમાં આ ટેસ્ટની નોંધ કરવામાં આવેલ અને આરોપીને આજીવન કેદની સજા ફરમાવેલ.

૨. ઝારખંડ રાજ્યના ડોરંડા, પોલીસ સ્ટેશનમા માત્ર ૬ વર્ષની બાળકી સાથે થયેલ દુષ્કૃત્ય ગુનાના સંદર્ભમાં બે શકમંદ આરોપીઓના બી.ઇ.ઓ.એસ તપાસ માટે રાજ્યની એફ.એસ.એલની મદદ માંગવામાં આવેલ.

બી.ઇ.ઓ.એસ તપાસમાં મુખ્ય પુરુષ આરોપીએ બાળકીને ગલીમાં રમતા જોઇ તેને બહેલાવી પોતાના ઘરમાં લઇ ગયેલ અને રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધેલ હોવાનું સ્પષ્ટ થયેલ. તથા બીજા સ્ત્રી આરોપીના કહેવાથી મુખ્ય પુરુષ આરોપીએ બાળકીને જમીનની અદાવતના કારણે મારી નાખેલ હોવાનું બી.ઇ.ઓ.એસ તપાસમાં પ્રસ્થાપિત થયેલ.

નામદાર કાર્ટ તેઓના ચુકાદામાં બી.ઇ.ઓ.એસ તપાસ અહેવાલને પુરાવા નોંધેલ અને બંને આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવેલ હતી.

**3.** હરિયાણા રાજયના જગધારી પોલીસ સ્ટેશનમા વર્ષ ૨૦૦૯ નોંધાયેલ બે શકમંદ વ્યકિતના મિત્રની નહેરમાં ડૂબાડીને હત્યા કરવાના કેસમાં રાજયની ફૉરેન્સિક લેબની વર્ષ ૨૦૧૯ના વર્ષમાં બી.ઈ.ઓ.એસ ટેસ્ટ કરી કેસના ઉકેલ માટે મદદ માંગવામાં આવેલ. બી.ઇ.ઓ.એસ તપાસમાં ભોગ બનનાર વ્યક્તિ ખુબ જ દારૂના નશામાં જાતે જ પાણીના તીવ્ર પ્રવાહમાં પડેલ અને જેથી ડુબી ગયેલ હોવાનું પ્રસ્થાપિત થયેલ. બી.ઇ.ઓ.એસ તપાસ અહેવાલને ધ્યાને લઇ નામદાર કોર્ટે બન્ને શકમંદ વ્યક્તિઓને નિર્દોષ જાહેર કરેલ.